ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા - ૦૭.૦૩.૨૦૧૯

**અધિસૂચના ક્રમાંક - જીસીઓ-૧૫૧૩-૯૦૫-ખ**

ગુજરાત જાહેર સેવા આયોગના તા.૦૬.૧૧.૨૦૧૮ ના પત્ર ક્રમાંક – આરસીટી–૧૦૧૩–૨૩૫૪–આર–૩ થી ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧(કોલેજ શાખા)માં કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણના તાબા હેઠળની સરકારી કોલેજો ખાતે આચાર્ય, વર્ગ-૧ ની જગાએ સીધી ભરતીથી નિમણૂક માટે ભલામણ કરવામાં આવેલા કુલ – ૪૦ ઉમેદવારો પૈકીના નીચે જણાવેલા ૩૬ ઉમેદવારોને સદરહુ જગા ઉપર છઠ્ઠા પગારપંચ પ્રમાણે ₹.૩૭,૪૦૦-૬૭,૦૦૦, ગ્રેડ પે – ૧૦૦૦૦/-ના પગારધોરણમાં તેમની જગાનો હવાલો સંભાળે તે તારીખથી તેઓના નામ સામે કોલમ (૫) માં દર્શાવેલા સ્થળે બે વર્ષના અજમાયશી સમય પર નિમણૂક આપવામાં આવે છે.

| ક્રમ | મેરીટ ક્રમ | ઉમેદવારનું નામ | ભલામણ કરેલ વિદ્યાશાખા | નિમણૂકનું સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૧ | ડૉ.મહેશ ભરતકુમાર ભટ્ટ | વિનયન | ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ(સાંજની), અમદાવાદ |
| ૨ | ૨ | ડૉ. અલ્પેશકુમાર ભાનુપ્રસાદ જોષી | વિનયન | સરકારી વિનયન કોલેજ, બહુચરાજી, જિ.મહેસાણા |
| ૩ | ૩ | ડૉ. યોગેશકુમાર તેજરામભાઈ યાદવ | વિનયન | શ્રી કે.કા.શાસ્ત્રી સરકારી કોમર્સ કોલેજ, ખોખરા,મણિનગર,અમદાવાદ |
| ૪ | ૪ | ડૉ. પ્રજ્ઞા અમરતલાલ વાઢેર | વિજ્ઞાન | સરકારી વિજ્ઞાન કોલેજ, ઇડર, સાબરકાંઠા |
| ૫ | ૫ | ડૉ.માલા ભગવાનદાસ શર્મા | વિનયન | સરકારી વિનયન કોલેજ,માંડલ, જિ.અમદાવાદ |
| ૬ | ૬ | ડૉ. ભૂપેશ નૌતમલાલ યાજ્ઞિક | વિજ્ઞાન | સરકારી વિજ્ઞાન કોલેજ, ઝાલોદ,જિ.દાહોદ |
| ૭ | ૭ | ડૉ. સાગર રામપ્રસાદ દવે | વાણિજ્ય | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ,મેઘરજ, જિ.અરવલ્લી |
| ૮ | ૮ | ડૉ. યોગેશકુમાર શાંતિલાલ પટેલ | વિજ્ઞાન | સરકારી વિજ્ઞાન કોલેજ, લીમખેડા,જિ. દાહોદ |
| ૯ | ૯ | ડૉ. જયેશ ગુણવંતરાય પૂજારા | વાણિજ્ય | સરકારી વિનયન કોલેજ, ઝઘડિયા, જિ.ભરૂચ |
| ૧૦ | ૧૧ | શ્રીમાન અમિતકુમાર નટવરલાલ સુતરીયા | વિનયન | સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, બાવળા, જિ.અમદાવાદ |
| ૧૧ | ૧૨ | ડૉ. પરેશ નૌતમલાલ રાવલ | વિનયન | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, રાપર, જિ.કચ્છ |
| ૧૨ | ૧૩ | ડૉ. ભદ્રેશકુમાર હરીશભાઈ પરમાર | વિજ્ઞાન | સરકારી વિજ્ઞાન કોલેજ,વાલોડ, જિ.તાપી |
| ૧૩ | ૧૫ | ડૉ. દિગંબરસિંઘ નારાયણસિંઘ દેવારી | વિનયન | સરકારી વિનયન કોલેજ, કપરાડા, જિ.વલસાડ |

Scanned with OKEN Scanner

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪ | ૧૬ | ડો. મનીષા ફોજાલાલ શાહ | વિનયન | સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, હારીજ,જિ.પાટણ |
| ૧૫ | ૧૭ | ડો. અતુલ હરિભાઈ મકવાણા | વિજ્ઞાન | સરકારી વિજ્ઞાન કોલેજ, થરાદ. જિ.બનાસકાંઠા |
| ૧૬ | ૧૮ | ડો. સ્મિતા ભુપેન્દ્રકુમાર છગ | વિજ્ઞાન | સરકારી વિજ્ઞાન કોલેજ, વેરાવળ, જિ.ગીરસોમનાથ |
| ૧૭ | ૧૯ | ડો. જયમલભાઈ ગોવાભાઈ રંગીયા | વિનયન | સરકારી વાણિજ્ય કોલેજ, નરોડા, જિ.અમદાવાદ |
| ૧૮ | ૨૦ | શ્રીમાન હસમુખકુમાર બાબુભાઈ ઘેલાણી | વાણિજ્ય | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, પડધરી, જિ.રાજકોટ |
| ૧૯ | ૨૧ | ડો. હિંમતભાઈ ધુળાભાઈ ભાલોડીયા | વિનયન | એમ.પી.શાહ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, સુરેન્દ્રનગર |
| ૨૦ | ૨૨ | ડો. રાજેશકુમાર ડાહ્યાલાલ મોઢ | વિજ્ઞાન | એમ.એન.કોલેજ વિસનગર, જિ.મહેસાણા |
| ૨૧ | ૨૩ | ડો. સુરેશકુમાર અજીતસિંહ ગઢવી | વિનયન | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલ, જિ.ખેડા |
| ૨૨ | ૨૪ | ડો. રાજેશભાઈ અમરતભાઈ પટેલ | વિનયન | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, સોનગઢ, જિ.તાપી |
| ૨૩ | ૨૫ | ડો. મીનલ હરીભાઇ ઉપાધ્યાય | કાયદા | એ.એમ.પી.લૉ કોલેજ, રાજકોટ |
| ૨૪ | ૨૬ | શ્રીમાન મહેશભાઈ હીરાભાઈ કટારીયા | વિનયન | સરકારી વિનયન કોલેજ, સાંતલપુર, જિ.પાટણ |
| ૨૫ | ૨૭ | ડો. વિરલકુમાર મણિકાન્ત શીલુ | વાણિજ્ય | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, જાફરાબાદ, જિ.અમરેલી |
| ૨૬ | ૨૮ | ડો. હેતલ સુશીલચંદ્ર ટંડેલ | વાણિજ્ય | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કાછલ, સુરત |
| ૨૭ | ૨૯ | ડો. જ્યોત્સના ઈશ્વરભાઈ પટેલ | વાણિજ્ય | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, જાદર, જિ.સાબરકાંઠા |
| ૨૮ | ૩૦ | શ્રીમાન ગુણવંતરાય બાબુલાલ વાજા | વિનયન | સરકારી વિનયન કોલેજ,કોટડા સાંગાણી, જિ.રાજકોટ |
| ૨૯ | ૩૨ | ડો. મેહુલ રશ્મીકાન્ત સોલાની | વાણિજ્ય | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, મૂળી,જિ.સુરેન્દ્રનગર |
| ૩૦ | ૩૩ | ડો. ચિરાગબાલા મોહનપુરી ગોસ્રાઈ | વિજ્ઞાન | આર.આર.લાલન આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ભૂજ |
| ૩૧ | ૩૪ | ડો. ગણપતભાઈ રામાભાઈ પરમાર | વાણિજ્ય | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, નેત્રંગ, જિ.ભરૂચ |
| ૩૨ | ૩૫ | ડો. જયશ્રી પોપટભાઇ જોષી | વાણિજ્ય | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, પોશીના,જિ.સાબરકાંઠા |
| ૩૩ | ૩૬ | શ્રીમાન છત્રસિંહ ભુદરભાઈ રાઠવા | વિનયન | સરકારી વિનયન કોલેજ, ક્વાંટ, જિ.છોટાઉદેપુર |
| ૩૪ | ૩૭ | ડો અનિલાબેન ખાલપભાઇ પટેલ | વિનયન | સરકારી વિનયન કોલેજ, ડેડીયાપાડા, જિ નર્મદા |
| ૩૫ | ૩૮ | ડો સુભાષભાઇ સિતારાભાઇ આધેર | વિજ્ઞાન | સરકારી વિજ્ઞાન કોલેજ, સોનગઢ,જિ.તાપી |
| ૩૬ | ૩૯ | શ્રી દિલિપભાઇ મકનજીભાઇ ગામીત | શિક્ષણ | સરકારી બી.એડ.કોલેજ, વાંસદા, જિ નવસારી |

આ નિમણૂક નીચેની શરતોને આધીન રહેશે.

૧. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભલામણ કરેલ મેરીટ ક્રમાંક ૦૨ (સા.શૈ.પ.વર્ગ.મહિલા), ૧૧(અનુ. જાતિ), ૨૮(સા.શૈ.પ.વર્ગ.મહિલા) અને ૩૪ (અનુ.જાતિ)ના ઉમેદવારની ભલામણ સા.વ.વિ.ના તા.૨૯/૦૧/૨૦૦૦ પરિપત્ર ક્રમાંક – પીવીએસ-૧૦૯૯ એમએમ-૧૩-ગ.૪ અને તા.૨૩-૦૭-૨૦૦૪ ના પરિપત્ર ક્રમાંક – પીવીએસ-૨૦૧૦-૦૩-૯૦૦-ગ.૪ અન્વયે બિન અનામત જગા સામે નિમણૂક કરવામાં આવે છે.

૨. ઉમેદવારે આ હુકમથી એક માસમાં તેમની નિમણૂકની જગાએ હાજર થવાનું રહેશે. તેમ કરવામાં નિષ્ફળ ગયેથી તેમની નિમણૂક રદ કરવાને પાત્ર રહેશે.

૩. અજમાયશી સમય દરમિયાન સરકારી કોલેજો ખાતે આચાર્ય વર્ગ-૧ ની જગાના પગારધોરણમાં લઘુત્તમ પગાર અને તેના પર અન્ય ભથ્થાં મળવાપાત્ર થશે અને અજમાયશી સમયની પુરી મુદત દરમિયાન તે જ પગાર મેળવશે અને અજમાયશી સમય દરમ્યાન કોઇ ઇજાફા મેળવવાપાત્ર થશે નહીં. અજમાયશી મુદત પૂરી થયે નિયમિત ધોરણે નિમણૂક થયા બાદ જ સામાન્ય દરે નિયમોનુસાર ઇજાફા મળવાપાત્ર થશે તથા રાજ્ય સરકાર દ્વારા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની ભલામણો સ્વીકારવામાં આવે તે મુજબ પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર રહેશે.

૪. અજમાયશી સમયગાળા દરમ્યાન મળવાપાત્ર રજા સિવાયની કોઇપણ પ્રકારની રજા લેવામાં આવશે તો અજમાયશી સમયગાળો રજાની મુદત જેટલો લંબાવવામાં આવશે.

૫. સરકારે નિયત કરેલ જે કોઇ ફરજ સોંપવામાં આવે તે તેમણે બજાવવાની રહેશે અને રાજયમાં કોઇપણ સ્થળે બદલીપાત્ર રહેશે.

૬. અજમાયશી સમય દરમિયાન તેમની સેવા સંતોષકારક નહીં જણાય તો અજમાયશી સમય દરમ્યાન કોઇપણ જાતની નોટીસ આપ્યા વગર સેવાનો અંત લાવવામાં આવશે. આમ અજમાયશી સમય દરમિયાનની સેવા તદ્દન હંગામી અને કામચલાઉ ગણાશે.

૭. જરૂર જણાયે અજમાયશી સમયની મુદત લંબાવવામાં આવશે. જે અંગે અલગથી હુકમો કરવાના રહેશે.

૮. અજમાયશી સમય સંતોષકારક પૂર્ણ થયે લાંબા ગાળાની/નિયમિત નિમણૂક આપતા હુકમો કરવાના રહેશે. આવા હુકમો થયેથી ઉમેદવારને નિયમિત નિમણૂક આપેલી ગણાશે.

૯. સરકારે નિયત કરેલ અને તેમને લાગુ પડતી હિન્દી અથવા ગુજરાતી ભાષાની ભાષાકીય પરીક્ષા અને તેવી અન્ય પરીક્ષા જે કોઇ નિયત કરવામાં આવે તે પાસ કરવાની રહેશે. નિયત સમય મર્યાદામાં પરીક્ષા પાસ નહીં કરવામાં આવે તો ત્યાર પછીના ઇજાફા તેઓ તેવી પરીક્ષા પાસ કરે નહીં ત્યાં સુધી અટકાવવામાં આવશે.

૧૦. નિયત સમયમર્યાદામાં ફરજ પર હાજર થયેલ ઉમેદવારની પ્રવરતા આયોગે આપેલ ક્રમ મુજબ રહેશે.

૧૧. પગાર, રજા, પેન્શન, વર્તણૂક વગેરે સેવા વિષયક અને શિસ્ત વિષયક અન્ય બાબતોમાં સેવાની શરતો ગુજરાત મુલ્કી સેવા નિયમો-૨૦૦૨, ગુજરાત મુલ્કી સેવા (વર્તણૂક) નિયમો - ૧૯૭૧ અને ગુજરાત મુલ્કી સેવા (શિ. અને અ.) નિયમો – ૧૯૭૧ વગેરે સરકારે પ્રસિધ્ધ કરેલ નિયમો અને વખતોવખત બહાર પાડેલા નિયમોને આધીન રહેશે.

૧૨. ગુજરાત મુલ્કી સેવા (કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા) નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર અજમાયશી સમય દરમિયાન સીસીસી પ્લસની પરીક્ષા પાસ કરવાની રહેશે. અજમાયશી સમય દરમિયાન જો તેઓ આ પરીક્ષા પાસ નહિ કરે તો તેઓનો નિયમોનુસાર અજમાયશી સમય લંબાવી શકાશે અને આ લંબાવેલ સમય દરમિયાન પણ તેઓ જો આ પરીક્ષા પાસ નહિ કરે તો તેમની સેવા સમાપ્ત કરવામાં આવશે અને ઉકત પરીક્ષા પાસ કર્યેથી તેઓને સેવામાં પરત લેવામાં આવશે તે મતલબની લેખિત બાંહેધરી તેઓએ હાજર થતા પહેલાં આપવાની રહેશે.

૧૩. ગુજરાત શિક્ષણ સેવા, વર્ગ-૧ની જગા પર હાજર થયા બાદ રાજીનામું આપવા ઇચ્છતા ઉમેદવારે ગુજરાત મુલ્કી સેવા નિયમો-૨૦૦૨ના નિયમ - ૩૬ની જોગવાઇ હેઠળ નિયત કરવામાં આવેલ સમયની સરકારને નોટીસ આપવાની રહેશે.

૧૪ અજમાયશી સમય પર નિમાયેલા આ ઉમેદવારોના પ્રથમ તથા બીજા વર્ષના વાર્ષિક મૂલ્યાંકન અહેવાલ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૯/૦૬/૯૮ના પરિપત્ર ક્રમાંક-પીઆરઓ-૧૦૯૩-૫૦૬૮-ગ.૨ થી નિયત થયા અનુસારના

પત્રકમાં જરૂરી કાર્યવાહી પૂર્ણ કરાવી કમિશ્નર ઉચ્ચ શિક્ષણની કચેરી, ગાંધીનગર મારફતે શિક્ષણ વિભાગના મહેકમનો હવાલો સંભાળતા નાયબ સચિવ/સંયુક્ત સચિવ/અધિક સચિવને રજૂ કરવાનો રહેશે.

૧૫. શૈક્ષણિક લાયકાત, જન્મ તારીખ, જાતિ અંગેનું પ્રમાણપત્ર કે અન્ય વિગતો બાબતે ઉમેદવારોએ જો ઇરાદાપૂર્વક અધૂરી કે ખોટી માહિતી રજૂ કરેલ છે, તેવું જણાશે તો તેઓની સેવા કોઇપણ નોટીસ આપ્યા વિના કોઇપણ સમયે સમાપ્ત કરવામાં આવશે.

૧૬. જે ઉમેદવારે અગાઉ સરકારી નોકરી કરી હોય અને સરકારની વખતોવખત પ્રવર્તમાન સૂચનાઓ મુજબ તેવી નોકરીને ધ્યાનમાં લેતા અજમાયશી સમય ઘટાડવાને પાત્ર થતો હોય તો નિમણૂકના સ્થળે હાજર થયા તારીખથી એક માસમાં નિમણૂક આપનાર સક્ષમ સત્તાધિકારીને તે અંગેની વિગતવાર લેખિત અરજી કરવાની રહેશે.

૧૭. અજમાયશી તરીકે હાજર થતી વખતે ઉમેદવારે તેમની અગાઉની સરકારી-અર્ધ સરકારી નોકરીમાંથી ફરજમુક્ત થઇને/છુટા થઇને/રાજીનામું મંજૂર કરાવીને આવ્યા છે તે મતલબનો પુરાવો કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણ મારફત શિક્ષણ વિભાગને આપવાનો રહેશે.

૧૮. ઉમેદવારે નિમણૂકની જગાએ હાજર થતી વખતે સામાન્ય વહીવટ વિભાગના તા.૦૩/૧૨/૮૬ના પરિપત્ર ક્રમાંક-સીડીઆર-૧૧૮૬-યુઓ-૨૨૪૪- ગ.૨ મુજબ સોગંદ લેવાના રહેશે. તે મુજબ સોગંદ લીધા બાદ તેઓને હાજર કરાશે.

૧૯. આ નિમણૂક અન્વયે ઉમેદવારોએ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૯.૦૯.૨૦૧૬ ના પરિપત્રની સૂચનાઓ અનુસાર સીધી ભરતીથી નિમણૂક આપતાં પૂર્વે ચારિત્ર્ય પૂર્વ ઇતિહાસની તપાસ અંગે નિયત નમૂનામાં સ્વ-કબૂલાતનામું અને નિયુક્તિ બાદ છ (૬) માસમાં તબીબી તપાસ કરાવી સક્ષમ અધિકારી પાસેથી શારીરિક યોગ્યતા અંગેનું તબીબી પ્રમાણપત્ર મેળવીને રજૂ કરવાનું રહેશે.

૨૦. જે તે ઉમેદવારે અજમાયશી સમય દરમિયાન પોતે કરેલ કામગીરીનો ત્રિમાસિક અહેવાલ કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગાંધીનગર મારફતે શિક્ષણ વિભાગના મહેકમનો હવાલો સંભાળતા નાયબ સચિવ/સંયુક્ત સચિવ/અધિક સચિવને રજૂ કરવાનો રહેશે.

૨૧. આ હુકમો નામદાર વડી અદાલતમાં દાખલ થયેલ ખાસ દિવાની અરજી નં.૨૦૦૬૮/૨૦૧૬, ખાસ દિવાની અરજી નં.૨૦૦૭૨/૨૦૧૬, ખાસ દિવાની અરજી નં.૧૫૯૫૧/૨૦૧૮ ના આખરી ચુકાદાને અધીન રહેશે.

૨૨. ઉપર મુજબની શરતો વાંચી, સમજીને તે સાથે નિમણૂક સ્વીકાર્ય છે તે મતલબનો એકરારનામું હાજર થતી વખતે રજૂ કરવાનું રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પંકેશ ઠાકોર)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(ઉ.શિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, છ-૩ સર્કલની પાસે સેક્ટર-૧૦, ગાંધીનગર તરફ - તા.૦૬.૧૧.૨૦૧૮ પત્ર ક્રમાંક આરસીટી-૧૦૧૩-૨૩૫૪-આર-૩ અન્વયે જાણ સારૂ
- કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, સંબંધિત જિલ્લા
- સંબંધિત ઉમેદવારોના સાથેની યાદી મુજબ) (આર.પી.એ.ડી.થી)
- સિલેક્ટ ફાઇલ

Scanned with OKEN Scanner